## હરિની દૃષ્ટિ...




જોવો ભગવાન, હું પૈસા લઈને જ નીકળ્યો છું... પેલા પોલીસવાળા રમવા નથી દેતા... એમેને સદ્દબુદ્ધિ આપજો કે મને રોકી એ પાપમાં ન પડે...!!!

# દહેગામમાં મોયેલા ઘઉં પ્રકરણનો પડઘો પડ્યો

**૨૦ કેસ નોંધાયા છે : સેમ્પલ તપાસ માટે મોકલ્યા છે હજુ રિપોર્ટ આવ્યો નથી : ડો. જાગાણી**

ગાંધીનગર, તા. ૪

દહેગામમાં મોયેલા ગઉં ખાવાથી થતી લકવાની અસરનો મુદ્દો આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ગુંજ્યો હતો.

કોંગીના શ્રી અજીતસિંહ રાઠોડે આજે સામાન્ય સભાની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં જ આ મુદ્દો ઉઠાવી અને આરોગ્ય અધિકારીએ નિવેદન કરવુ જોઈએ જેથી સાચી સ્થિતિની સૌને ખબર પડે.

સામાન્ય સભાના અધ્યક્ષ શ્રીમતિ હીનાબેન પટેલે પહેલાં પછી ચર્ચા કરીશુ તેવો આગ્રહ કર્યો હતો પરંતુ કોંગ્રેસના સભ્યોના હઠાગ્રહને જોતાં તેમણે આરોગ્ય અધિકારીને વિગતે નિવેદન આપવા જણાવ્યું હતું.

જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ જણાવ્યું હતુ કે ૨૦ નવા કેસ મળ્યા છે અને તેમને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ વાયા છે. આ ઉપરાંત દહેગામ ખાતે ફિઝીયોથેરોપીની સેવાઓ ઉપલબ્ધ છે.

જો કે કોંગી સભ્યોએ વેચાણકર્તાઓ સામે પગલાં લેવાયા કે કેમ ? તેવો પ્રશ્ન પુછતાં તેમણે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતુ કે સેમ્પલો ખોરાક ઔષધ નિયમન દ્વારા મેળવી એફ.એસ.એલ.માં મોકલાયા છે હજુ રિપોર્ટ આવ્યો નથી.

આજની સામાન્ય સભામાં આમ તો બધા કામો સર્વાનુમતે મંજૂર થયા હતા. જો કે વચ્ચે વચ્ચે થોડીક ચકમચ કોંગી અને ભાજપના સભ્યો વચ્ચે થઈ હતી.

આજની સામાન્ય સભામાં ભાજપના ધારાસભ્ય શ્રી અશોક પટેલે પણ પ્રશ્ન પુછી તંત્રને એક તબક્કે મુંઝવણમાં મુક્યુ હતુ. આ બેઠકમાં આજે ૨૭ આરોગ્ય કેન્દ્રો જર્જરિત થઈ ગયા હોવાથી ડિમોલેશનનો પ્રસ્તાવ પણ સર્વાનુમતે પસાર થયો હતો.

## ખૂણે ખાંચરેથી...

● વલાદનો બાળ કલાકાર નિશાંત વ્યાસ દ્વારા શિવ તાંડવનું ગાન સોમવારે રાત્રે ૮.૪૫ કલાકે એફ.એમ. રેડિયો પરથી પ્રસારિત થશે.

● ગાંધીનગર મહાનગર પાલિકાના વિપક્ષના નેતા પદે વરાયેલા શૈલેન્દ્રસિંહ બિહોલા સોમવારે સવારે ૯.૩૦ કલાકે પોતાના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં આજે સભ્યોને નાસ્તો ઓફિસમાં પિરસવામાં આવ્યો હતો.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં કોંગ્રેસના શ્રી અજીતસિંહ રાઠોડ અને શ્રી અરવિંદસિંહ સોલંકી તથા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલે સૌએ આપેલ સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

● જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં આજે અધ્યક્ષપદેથી ૮ મુદ્દાઓ રજુ થયા હતા જે એક વિક્રમી આંક કહી શકાય.

● આજે સચિવાલય સહિતની સરકારી કચેરીઓમાં રજાનો માહોલ હતો.

● ગુજરાત હાઉસીંગ બોર્ડની કચેરી ગાંધીનગર ખસેડવામાં આવી રહી છે.

# પેથાપુર નિલકંઠ વિલા પાસેથી આઠ શકુનીઓ પકડાયા

**રાંધણ છઠ્ઠની સાંજે જ ખુલ્લામાં બાજી માંડીને બેસી ગયાને પોલીસે દરોડો પાડયો : ૧૭ હજારનો મુદ્દામાલ જપ્ત**

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક પેથાપુર સ્થિત મ.ભ. સ્કુલ પાસેનાં નિલકંઠ વિલા બાજુ ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને પોલીસની ટીમે ગત સાંજે દરોડો પાડતા જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે કોર્ડન કરીને આઠ જુગારીઓને પકડી લીધા હતાં. પેથાપુર અને આધારે ગઈ સાંજે પેથાપુર પોલીસે દરોડો પાડી આઠ શકુનીઓને જુગાર રમતા રંગે હાથ પકડી પાડયા હતાં. રૂ. ૧૭ હજારથી વધુના મુદ્દામાલ સાથે આઠેયની ધરપકડ કરીને પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પી.એસ.આઈ. ડી.બી.વાળાને બાતમી મળી હતી કે પેથાપુર મ.ભ. સ્કુલ પાછળ નિલકંઠ વિલા નજીક જુગાર રમાઈ રહ્યો છે. તેને આધારે પેથાપુર જીઈબી કોલોની વિસ્તારના કલ્પેશ રાજેન્દ્રસિંહ ડાભી, આમશ દિલીપ સોની, રત્નદીપ મહાવીરસિંહ જાડેજા, જયદિપ જગદેવસિંહ ઝાલા, આસિફ મુરમહમ્મદ ઘાંચી, ઈસ્માઈલ રહિમ પઠાણ, વિનોદ પોપટભાઈ બારોટ અને દિપક ભુપતસિંહ ડાભી મળીને આઠેય શખ્સોની રૂ. ૫૦૦નો એક મોબાઈલ અને રોકડ મળીને કુલ રૂ. ૧૭,૨૫૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.



સ્માર્ટ સીટી વર્કશોપ - ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા રીજીયોનલ કક્ષાએ યોજાયેલ સ્માર્ટ સીટી વર્કશોપમાં ગાંધીનગર મનપાના ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલે ભાગ લીધો હતો. શહેરી વિકાસ વિભાગના કેન્દ્રીય મંત્રી વૈંકૈયા નાયડુ સાથે ગાંધીનગર સ્માર્ટ સીટી સંદર્ભે રસપ્રદ માહિતી મેળવી હતી.

# સેક્ટર-૧૨ ઉમાભવન બહાર હાર્દિક પટેલનું પુતળા દહન

ગાંધીનગર, તા. ૪

અનામત આંદોલનમાં બ્રેક લાગવા પાછળનું મોટુ કારણ હાર્દિક જ હોવાનું સમાજના યુવાનો જાણી ગયા છે અને પોતાની મહત્વકાંક્ષાઓ પુર્ણ કરવા માટે પાટીદારોનો ઉપયોગ કર્યો હોવાનું માનીને પાટીદારોએ હાર્દિક હિરોમાંથી ઝીરો બનાવી દીધો છે. ગઈકાલે સાંજે પાટીદાર યુવાનોએ સેક્ટર-૧૨ ઉમાભવન બહાર હાર્દિકના પુતળાનું દહન કરી વિરોધ સાથે રોષ વ્યક્ત કર્યો હતો. અમદાવાદ વિસ્તારમાં ઠેર ઠેર પાટીદાર યુવાનો દ્વારા હાર્દિક પટેલને પાટીદારો માટે આંદોલન નહી પરંતુ પોતાના અંગત ફાયદા માટે આંદોલનમાં જોડાયો હોવાનું માનીને તેના પર વિરોધ પ્રદર્શન શરૂ કરી દીધા છે. ત્યાર બાદ હવે ગાંધીનગરમાં પણ તેનો વિરોધ શરૂ થઈ ગયો છે. ગઈકાલે અમદાવાદમાં હાર્દિક પટેલના પુતળાદહન થયા હતા. ત્યાર બાદ ગાંધીનગર શહેરના સેક્ટર-૧૨ ઉમાભવન બહાર પણ હાર્દિક પટેલનો હુરીયો બોલાવીને પાટીદાર યુવાનોએ તેના પુતળાનું દહન કર્યું હતું. તો બીજી તરફ હવે હાર્દિક પટેલને પાટીદાર અનામત આંદોલનને લગતી બેઠકોમાં પણ આમંત્રણ આપવાનું બંધ કરી દીધુ છે.

# ફિલ્મ સ્ટુડીયો જુગારધામ બની ગયો...!

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર પાસેના રાંદેસણ ગામની સીમમાં આવેલો બોહરા સ્ટુડીયો ટેલીવુડ અને હોલીવુડના શુટીંગ માટે ખુબ જાણીતો છે. અગાઉ આ સ્ટુડીયોમાં ઘણી હિન્દી-ગુજરાતી સિરીયલો તથા ફિલ્મોના શુટીંગ થઈ ચુક્યા છે. પરંતુ હવે આ જગ્યા પર જુગાર રમવાનું શરૂ થઈ ગયું હોવાનું ધ્યાને આવ્યું છે. સાતમે સ્ટુડીયો (પાર્ટી પ્લોટ)માં ઈન્ફોસીટી પોલીસે દરોડો પાડી પાંચ શકુનીઓને રૂ. ૧૭,૫૮૦ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા છે.

ઈન્ફોસીટી પી.આઈ. પી.બી. ચૌહાણને બાતમી મળી હતી કે બોહરા સ્ટુડીયો કે જ્યાં હવે ઘણા સમયથી ફિલ્મો-સિરીયલોના શુટીંગ બંધ થઈ ગયા છે અને પાર્ટી પ્લોટ બનાવી દેવાતા ઈવેન્ટસનું આયોજન થાય છે. ત્યાં જુગાર રમાઈ રહ્યો છે. જેને આધારે તેમની ટીમે મોડી સાંજે દરોડો પાડ્યો હતો. બોહરા પાર્ટીપ્લોટમાં જુગાર રમી રહેલા કોલવડાના રાવળવાસમાં રહેતા મલા રઈજી રાવળ, બોહરા પાર્ટી પ્લોટની બાજુમાં રહેતા રાજીવરંજન ઉર્ફે રાજુ કેશર મહાતો, બાપુનગર રહેતા રાકેશ શિવરાજ રાજપુત, કોલવડા જય સોમનાથ સોસાયટીમાં રહેતા દિગ્વીજય જસવંતસિંહ વાઘેલા અને મગોડી ગોદનો માઢમાં રહેતા ભાવસિંગ વરસંગ ઠાકોર મળીને પાંચની રોકડ રૂ. ૧૫,૫૪૦ તથા બે મોબાઈલ મળીને કુલ રૂ. ૧૭,૫૮૦નો મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

હાથી ઘોડા પાલખી, જય કનૈયાલાલ કી - શહેરની પ્રાથમિક અને પૂર્વ પ્રાથમિક શાળાઓમાં જન્માષ્ટમીની ઉજવણી ઉલ્લાસપૂર્વક કરાઈ હતી... નાના-નાના બાળકોએ રાધા અને કૃષ્ણના પરિવેશમાં, કાલીઘેલી ભાષામાં અભિનય પ્રસ્તુત કર્યો હતો.... મટકી ફોડના પ્રતિકાત્મક કાર્યક્રમમાં પણ કૃષ્ણના પરિવેશમાં બાળકોએ બહાદુરીને પ્રતિકાત્મક રીતે વ્યક્ત કરી હતી. આ પ્રસંગે શાળા પરિવાર સાથે નાના ભૂલકાઓએ મટકી ફોડ કાર્યક્રમને ભારે ઉલ્લાસપૂર્વક માણ્યો હતો... અને જન્માષ્ટમી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

# સેક્ટર-૨૮ જીઆઈડીસી વિસ્તારના પ્રશ્નોની રજૂઆત

**સફાઈ, પેવર બ્લોક, સોલાર લાઈટ, બસ સુવિધા, શૌચાલય સહિતની સુવિધાઓ પુરી પાડવા જી.આઈ.ડી.સી. એસ્ટેટના હોદ્દેદારો સાથે ચર્ચા કરતા રાકેશ પટેલ**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ચેરમેનશ્રી રાકેશભાઈ પટેલ દ્વારા તાજેતરમાં જીઆઈડીસી એન્જીનીયીરંગ કોમ્પલેક્ષ એસોસિએશનના હોદ્દેદારો તથા સભ્યો સાથે વિભિન્ન પ્રશ્નોના નિરાકરણ હેતુ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં એસ્ટેટના વિકાસ હેતુ સફાઈ, સોલાર લાઈટ, શૌચાલય, પેવર બ્લોક અને બસ સુવિધા સહિતની બાબતો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. જેમાં વિભિન્ન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અંગે તથા પ્રશ્નોના નિરાકરણ માટે ઝડપી ગતિએ કાર્યવાહી હાથ ધરવાની ચેરમેનશ્રી દ્વારા બાહેંધરી અપાઈ હતી.

શહેરના સેક્ટર-૨૮માં સ્થિત જીઆઈડીસી એન્જીનીયરીંગ એસ્ટેટના વિકાસ હેતુ તાજેતરમાં એસ્ટેટના કોમ્યુનિટી હોલમાં સ્ટેન્ડીંગ કમીટી ચેરમેનશ્રી રાકેશભાઈ પટેલ તથા એસ્ટેટના હોદ્દેદારો, સભ્યો અને ઉદ્યોગકારો વચ્ચે બેઠક યોજાઈ હતી.

બેઠકના પ્રારંભે ચેરમેનશ્રી રાકેશભાઈ પટેલને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીમાં ચેમરેન પદે નિમણુંક થવા બદલ અભિનંદન પાઠવાયા હતા. ત્યારબાદ એસ્ટેટના પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. જેમાં સફાઈ, પેવર, બ્લોક, સોલાર લાઈટ બસ સુવિધા જેવી બાબતો ઉપરાંત પ્રોપર્ટી ટેક્ષના પ્રશ્નો અંગે રજૂઆત કરાઈ હતી. તેમજ આસપાસના આદીવાડા સહિતના ગામોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરવા પણ ચર્ચા કરાઈ હતી. જેમાં આ મામલે ઝડપી કાર્યવાહી હાથ ધરી શકાય એ હેતુ મ્યુનિસિપલ કોર્પોરેશનના હોદ્દેદારો અને ઉચ્ચ અધિકારીઓ સાથે ટુંક સમયમાં બેઠક યોજવામાં આવશે એમ ચેરમેનશ્રી દ્વારા જણાવાયું હતું.



(તસવીર : કશ્યપ નિમાવત)

**શીતળા માતાનું પૂજન** - શીતળા સાતમના પાવન પર્વે પાટનગરની ગૃહિણીઓએ શીતળા માતાનું ભાવપૂર્વક પૂજન કર્યું હતું.... ઠંડુ ભોજન લઈ, ઠંડા પાણીથી સ્નાન કરી શીતળા માતાનું પૂજન-અર્ચનમા જીવનમાં શીતળતા માટે પ્રાર્થના કરાઈ હતી... શહેરના અનેક મંદિરોમાં શીતળા માતાની માટીની પ્રતિમાઓ બનાવાઈ હતી...

# ફરાળી વાનગીઓમાં સિઝલર હલવો અને આલુ ટિક્કી હોટ ફેવરીટ

**બજારમાં વિવિધ ૫૦ પ્રકારની ફરાળી વાનગીઓનુ વેચાણ થાય છે : સાતમ-આઠમના તહેવારમાં ભાવિકોમાં ફરાળી વાનગીઓના ચટકા**

ગાંધીનગર તા ૪

શહેરમાં શ્રાવણ મહીનામાં ભોળાનાથની ભકિતમાં ભાવિકો તલ્લીન બન્યા છે.જયારે ભકિતની સાથે તહેવારોની મૌસમ પણ નિખરી છે. જેના પરિણામે નગરના બજારોમાં પણ ધમધમાટ જોવા મળે છે. શ્રાવણ માસમાં સોમવારના વિશેષ મહત્વ ઉપરાંત સાતમ આઠમ સહિતના તહેવારો હોવાથી ભાવિકો મહિનાના મોટાભાગના દિવસોમાં ઉપવાસ કરતા હોય છે. જેના પરિણામે બજારમાં વેચાતી અવનવી ફરાળી વાનગીઓનુ વેચાણ પણ વિશેષ થતુ હોય છે. જયારે ફાસ્ટ ફુડના યુગમાં ફરાળી વાનગીઓમાં પણ અનેક પ્રકારની વેરાયટીઝ બજારમાં વેચાય છે. બજારમાં વિવિધ ૫૦ જેટલી ફરાળી વાનગીઓનુ વેચાણ થાય છે. જેમાં બફવડા ફરાળી ચેવડો અને પેટીસ પીઝા ,લીલા નાળિયેરની કચોરી , બાસ્કેટ ચાટ, લીલી ભેળ,ડ્રાયફ્રુટ ભેળ ટમટમ, આલુ ટિક્કી ભાખરવડી રબડી, બાસુંદી, પંજરી ચાટ આલુ લચ્છા સિઝલર હલવો સહિતની વેરાયટીનુ વેચાણ થાય છે.



જો કે આ વિવિધ વાનગીઓ પૈકી ફરાળી ચેવડો અને બફવડા અને પેટીસનુ વેચાણ વધુ થાય છે. જયારે સિઝલર હલવો અને ફરાળી ભાખરવડી અને આલુ ટિક્કીની નવી વેરાયટી પણ ઉપવાસીઓ માટે આર્શીવાદરૂપ પુરવાર થઈ છે. ભાવિકો માટે ઉપવાસ કરવાનુ હવે પેટ માટે વધુ આરામદાયક અને આર્શીવાદરૂપ બન્યુ હોવાનુ પણ આ ફરાળી વાનગીઓના લીસ્ટ પરથી સ્પષ્ટ થાય છે.








